Indian Journal of Social Sciences and Literature Studies
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (Online)
Vol. 7, Issue 1, March 2021

# “કોરોના (COVID 19) મહામારીથી સુરતશહેરના હીરાઉદ્યોગ અને ઉદ્યોગ સાથે જોડાયેલ કર્મચારીઓ પર થયેલ અસરો”

# Impact of CORONA (COVID 19) Pandemic on Diamong industry and employees connected with industry in Surat city

**Hiren D. Kakadiya & Dr.M.J.Parmar**

**M.K.Bhavnagar University, Bhavnagar,Gujarat**

**પ્રસ્તાવના**

ડિસેમ્બર-૨૦૧૯થી ચીનનાહુબૈઈ પ્રાંતના પાટનગર વુહાન શહેરથી ફેલાયેલો ***કોરોના (COVID 19) corona virus desease of 2019*** ને કારણે એક વૈશ્વિક મહામારીની શરૂઆત થઇ, જેણે જોતજોતામાં યુરોપ, ઉત્તર અને દક્ષિણ અમેરિકા તથા એશિયામાં ભારત સહિતના વિશ્વના અંદાજે ૨૦૨ થી વધુ દેશોની ૩.૩૪ મીલીઅન પ્રજાને પોતાની ઝપેટમાં લઇ સંક્રમિત કરી, કુલ કેસોના ૭% અંદાજિત ૨.૩૮ લાખથી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. **W.H.O (વિશ્વ આરોગ્ય સંસ્થા)** દ્વારા જાહેર આ વૈશ્વિક મહામારીએ વૈશ્વિક અર્થતંત્રોને પણ પોતાના ભરડામાં લીધા હોય ત્યારે ભારત પણ તેનાથી કઈરીતે બચી શકે? વૈશ્વિક મહામારીની અડફેટે વિશ્વના હીરા ઉદ્યોગનું મુખ્ય કેન્દ્ર ગણાતું ગુજરાતનું ઔદ્યોગિક શહેર સુરત પણ ચઢી ગયું.

પ્રસ્તુત સંશોધનપત્રમાં કોરોના (COVID-19) મહામારીને કારણે સુરત શહેરના હીરા ઉદ્યોગને અને આ ઉદ્યોગ સાથે જોડાએલ લોકો પર તેની અસરોના અભ્યાસને રજુ કરવાનો પ્રયત્ન છે.

**કી -વર્ડ્સ: કોરોના ( COVID-19), વૈશ્વિક મહામારી**

**પરીચય:**

કોરોના COVID-19ને કારણે સમગ્ર વિશ્વ જાણે કે લોકડાઉનની સ્થિતિમાં મુકાયું. વિશ્વની સાથે ભારતના અર્થતંત્રને પણ વ્યાપક પ્રમાણમાં નુકશાન થયું.ભારતમાં એક્દીવાસના જનતા કરફ્યુ થી લઈને દિવસો સુધી કામ-ધંધા, ઉદ્યોગો, વેપાર-વાણિજ્ય, શાળા-કોલેજો, વાહનવ્યવહાર, સહિતની ઘણી બધી પ્રવૃત્તિઓ બંધ રહી. ભારત સહીત વિશ્વના બઝારો અને અર્થતંત્રો જાણે કે ઠપ્પ થઇ ગયા. પરિવહન અને સંચાર અટકાવી દેવાતા કારખાના, ઉદ્યોગો અને રોજીંદી આર્થિક પ્રવૃત્તિઓ બંધ થઈ. કરિયાણું, ફાળો-શાકભાજી, મેડીકલ સેવાઓ, કાયદો અને વ્યવસ્થા, સફાઈ જેવી ફક્ત આપતકાલીન સેવાઓ સિવાયની તમામ સેવાઓ અને પ્રવૃત્તિઓ બંધ કરી દેવામાં આવી.

ભારતની નિકાસોમાં મોટો હિસ્સો ધરાવતા હીરા ઉદ્યોગને અને ઉદ્યોગ સાથે જોડાયેલ લોકોને મહામારીને કારણે સરકારે જાહેર કરેલ Lockdownને પગલે ગંભીર અસર થઇ છે. વિશ્વમાં હીરા ઉદ્યોગનું એપીસેન્ટર ગણાતા સુરતના હીરા ઉદ્યોગને પણ આ મહામારીને કારણે ઘણુ બધું સહન કરવું પડ્યું.

**અધ્યયનનાં ઉદ્દેશો**:

સંશોધનપત્રનોમુખ્યઉદ્દેશ્ય કોરોના COVID-19ને કારણે સુરત શહેરના હીરા ઉદ્યોગને થયેલ બહુપરિમાણીય અસરોનો અભ્યાસ કરવાનો છે.

- ❖ કોરોના: COVID-19 મહામારીને કારણે કર્મચારી-માલિક વચ્ચેના સંબંધોમાં આવેલ પરિવર્તનોની અસરો તપાસીને તેનું મૂલ્યાંકન કરવાનો છે.
- ❖ હીરા ઉદ્યોગમાં કામ કરતા કર્મચારીઓને પડેલી મુશ્કેલીઓ અને તેના ભાવી સંભવિત ઉકેલો ચકાસવાનો છે.
- ❖ હીરા ઉદ્યોગમાં કામ કરતા કર્મચારીઓ અને તેના પરીવારની સામાજિક , આર્થિક, શૈક્ષણિક પરિસ્થિતિ અને તેની અસરો ચકાસવાનો છે.
- ❖ કોરોના: COVID-19 મહામારીને કારણે સર્જાયેલ સામાજિક સમસ્યાઓ અને તેમાંથી ઉદ્ભવેલ ઉકેલો અને માનવવર્તનોનો અભ્યાસ કરવાનો છે.

**સુરત શહેરના હીરાઉદ્યોગ પર કોરોના: COVID-19ની અસરો.**

1) **આર્થિક અસરો**

a) ડિસેમ્બર-૨૦૧૯થી જ ચીનના વુહાનથી ફેલાયેલીકોરોના: COVID-19 મહામારીને કારણે વિશ્વબજારમાં ખરીદી ન નીકળવાને કારણે શહેરના હીરા ઉદ્યોગને ધીમેધીમે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. પરિણામે નાતાલની ખરીદીની ચમકનો લાભ પણ ઉદ્યોગને મળ્યો ન હતો.

b) માર્ચ આવતા સુધીમાં તો દેશભરમાં લોકડાઉનની સ્થિતિ સર્જાઈ, પરિણામે સરકારના આદેશાનુસાર કારખાનો બંધ કરવાની ફરજ પડી. અને ઉત્પાદન સદંતર બંધ જ થઇ ગયું.

c) વાહનવ્યવહાર સેવાઓ બંધ થવાને કારણે તથા આંતરરાષ્ટ્રીય ઉડાનો પરના સદંતર પ્રતિબંધને કારણે હીરા ઉદ્યોગ માટે કાચો માલ લાવવા તથા તૈયાર માલની નિકાસો પણ સદંતર બંધ રહેવા પામી.

d) સરકારે સોસીયલ ડીસ્ટન્સિંગની નીતિ લાગુ પડી હોઈ વિશ્વનું એકમાત્ર On Road Diamond Market એવી મહિધરપુરા (મોટીબજાર તથા મીની બજાર)પણ દિવસો સુધી બંધ રહ્યું.

e) ઉત્પાદન-વેચાણ-અને વેપાર એમ્ત્રનેય મોરચે સ્થાગીતાતાને કારણે હીરા ઉદ્યોગમાં નાણાકીય લેવડ-દેવડ પણ સ્થગિત થઇ ગઈ, પરિણામે દરરોજ કરોડોની નાણાકીય હેરફેર પણ બંધ થઇ ગઈ.

f) શહેરની ધોરીનસ સમાન હીરા ઉદ્યોગ પ્રભાવિત થવાને કારણે નાણાકીય લેવડ-દેવડ કરતી બેન્કિંગ,NBFC, તથા આંગડીયા પેઢીઓના કામકાજને પણ મોટા પાયા પર અસર થઇ. એક અંદાજ મુજબ દૈનિક સરેરાશ ચેક ક્લીયરીંગ માત્ર ૧૫% સુધી જ સીમિતરહી જવા પામ્યું (તા.૩૧.૦૩.૨૦૨૦; ગુજરાત સમાચાર).

g) કોમર્સ મંત્રાલય દ્વારા ફોરેન ટ્રેડ પોલીસી હેઠળની વિવિધ સ્કીમો જે ૩૧મી માર્ચે પૂર્ણ થતી હતી , તેને એક વર્ષ માટે લંબાવી દેવાની સરકારશ્રી દ્વારા જાહેરાત કરી.

2) **સામાજિક અસરો. :**

a) કોરોના: COVID-19 મહામારીએ સુરત શહેરના અર્થતંત્રની સહતે-સાથે શહેરના જનજીવનને પણ ખોરવી નાંખ્યું.

b) લોકડાઉનના સમયગાળા દરમિયાન કારખાનો બંધ રહેવાને કારણે આ ક્ષેત્રમાં કામ કરતા અંદાજે ૭ લાખ જેટલા અસંગઠિત શ્રમિકોના પરિવારોને રોજીંદા જીવનનિર્વાહ માટે મુશ્કેલીઓ સર્જાઈ.

c) જીવનનિર્વાહ મુશ્કેલ જણાતા આ અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોએ સહપરિવાર શહેરમાંથી હિજરત શરુ કરી.

d) એક તરફ જીવનનિર્વાહનો પ્રશ્ન તો બીજી તરફ લોકડાઉનને કારણે સમગ્ર દેશભરમાં ટ્રેન અને બસ સહિતની વાહનવ્યવહારની સેવાઓ બંધ હોવા છતાં લોકોએ હિજરત કરવાનું શરુ રાખ્યું.એક સમયે લોકો પોતાના ખાનગી વાહનોમાં હિજરત કરવા મજબુર બન્યા.

e) આ ક્ષેત્રમાં કામ કરતા શ્રમિકો મોટેભાગે બે વિભાગમાં વહેંચવામાં આવે છે : (૧) સૌરાષ્ટ્રીયન કામદારો અને (૨) બિનસૌરાષ્ટ્રીયન કામદારો, આ બંને પ્રકારના કામદારોમાં સૌરાષ્ટ્રીયન કામદારો પ્રમાણમાં વધુ આર્થિક રીતે સધ્ધર હોઈ તેઓ સરળતાથી પોતાના વાહનોમાં માદરે વતન તરફ હિજરત કરવામાં સફળ રહ્યા, જયારે બિનસૌરાષ્ટ્રીયન કામદારો તો પગપાળા કે અન્ય માધ્યમો દ્વારા ઉત્તર ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર તથા દ.ગુંજરત તરફ હિજરત કરતા જોવા મળ્યા.

f) મહામારીની સામાજિક અસરની રચનાત્મક કે હકારાત્મક બાબતો પણ આ સમયગાળા દરમિયાન નજર સમક્ષ આવી; જેવી કે,

   i) દૈનિક અસંગઠિત મજુર વર્ગો માટે ફૂડ-પેકેટ બનાવવાનું શેરીએ શેરી શરુ થયું.
   ii) સમાજનો તદ્દન નીચેનો ગણાતો વર્ગ કે જેમાં સફાઈ કામદારોનો સમાવેશ કરી શકાય; લોકોની તેઓના તરફ જોવાની દ્રષ્ટીમાં હકારાત્મક બદલાવ જોવા મળ્યો, તેમને કામના બદલામાં સામાજિક સન્માન પણ મળતું થયું.
   iii) સતત આર્થિક મોરચે લડતો પુરુષવર્ગ ઘરની મૂળભૂત સમસ્યાઓથી તથા ગૃહિણીઓને રોજેરોજ જે સમસ્યાઓનો સામનો કરવો પડતો હોય છે તે રોજીંદા પડકારોથી વાકેફ થયો, પરિણામે સ્ત્રીઓ તરફનું સન્માનનું વલણ સર્જાયું.
   iv) મોટેભાગે લોકોએ સ્વયં શિસ્ત દાખવી.
   v) હમેશા ટ્રાફિકની અશિસ્ત માટે પંકાયેલા અને હીરા ઉદ્યોગના હબ એવા શહેરના વરાછા વિસ્તારે અભૂતપૂર્વ બંધ તથા શિસ્તનું પાલન કર્યું.
   vi) લગ્ન પ્રસંગો મોકૂફ રખાયા પરંતુ મૃત્યુ જેવા પ્રસંગોએ કરતી લૌકિક ક્રિયાઓ પણ બંધ રખાઈ, પરિણામે આવા પ્રસંગે થતા ખોટા ખર્ચાઓ વિષે પણ લોકો આવનારા દિવસોમાં વિચારતા થાય તો ના નહિ.

3) **<u>શૈક્ષણિક અસરો :</u>**

a) કોરોના: COVID-19 મહામારીને કારણે આર્થિક-સામાજિકની સાથે-સાથે શૈક્ષણિક ક્ષેત્રે પણ શહેરીજનોને ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

b) માર્ચ ૧૫થી ૮ જુન સુધી શૈક્ષણિક કાર્ય સદંતર બંધ રહ્યું, પરિણામે ધો. ૧૦/૧૨ તથા C.A,C.S,ICWA, NEET, AIEEE,CET, જેવી મહત્વની પરીક્ષાઓ, કોચિંગ ઉપરાંત GPSC/UPSC/SSC વગેરે જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓના વર્ગો તથા જાહેર વાંચનાલયો બંધ રહેતા વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શાળાઓ, કોલેજોના સંચાલકો અને સરકારનો શિક્ષણ વિભાગ પણ મુશ્કેલીમાં મુકાઈ ગયો. ખાસતો પરીક્ષાર્થીઓમાં હતાશાનું મોજું ફરી વળ્યું.

c) ધોરણ ૧ થી ૯ તથા ૧૧ની પરીક્ષાઓ રદ કરીને સરકારે માસ પ્રમોશનો આપવાનો નિર્ણય લેવો પડ્યો.

d) સકારાત્મક બાબત એ સામે આવી કે શહેરની ઘણી શૈક્ષણિક સંસ્થાઓએ વિદ્યાર્થીઓ માટે Online Lecturesની

સુવિધાઓ પૂરી પાડી, નવા ડીજીટલ યુગના મંડાણ કર્યાં.

e) શહેરમાં હીરાઉદ્યોગની મદદ વડે ચાલતી શૈક્ષણિક સંસ્થાઓને CSR હેઠળ મળતા ફંડમાં ઘટાડો જોવા મળ્યો.

4) <u>પર્યાવરણીય અસરો :</u>

a) મહાનગરોમાં વાહનવ્યવહાર,ઉદ્યોગો,કારખાનાઓ અને મિલો સદંતર બંધ થવાને કારણે શહેરના AQI(Air Quality Index )માં ઘણો સુધારો જોવા મળ્યો.

b) ગંદકીથી ખદબદતા શહેરના નાળાઓ તથા રસ્તાઓ ચોખ્ખાં ચણાક જોવા મળ્યા.

5) <u>સંસ્થાકીય અસરો :</u>

a) ઘરેલું હિંસાની ફરિયાદોનું પ્રમાણ વધ્યું.

b) મહાનગર પાલિકાએ કોરોનાની સાથોસાથ માનસિક ચિકિત્સાના કેન્દ્રો પણ તાત્કાલિક ધોરણે ઉભા કરવા પડ્યા.

c) શહેર તથા જીલ્લામાં સરકારી તંત્ર ખરેખર કામે વળગ્યું હોઈ તેવો લોકોને આભાસ થયો.

Descriptive statistics:

| | Gender | Income | Reason for Leave city | Migration inside Gujarat |
|---|---|---|---|---|
| 45% less than 25 | 70% Male | 11% Less than10,000 | 49% Poor Economic Condition | 8.5% 0-25years |
| 40 % between 25-35 | 30% Female | 12.5% 10,000-20,000 | 5% Uninterested in City | 12% 25 to 35years |
| 10% between 36-45 | - | 56% 20,000-35,000 | 10% FamilyPressure | 25% 36 to 45years |
| 5% Morethan 45 | - | 18% 35,000-50,000 | 25% Epidemic Threat | 18% Morethan 45years |
| - | - | 2.5% More than 50,000 | 11% Liberty in Rural Area | - |

<u>4. સંશોધન પદ્ધતિ</u>

આ સંશોધનમાં પુસ્તકો અને જર્નલો દ્વારા એકત્રિત ગૌણ ડેટાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો , જેમાં 30 વિભાગની પ્રશ્નાવલીને બે ભાગમાં વહેંચીને ક્વોન્ટિટેટિવ પદ્ધતિ દ્વારા પ્રાથમિક આકડાકીય માહિતીઓ એકત્રિત કરવામાં આવી હતી .

પ્રસ્તુત સંશોધનકાર્યમાં (Exploratory ) સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરેલ છે. સુરતના 2હિરાના એકમોને પસંદ કરીને તેમાં કાર્યરત 40 કર્મચારીઓને goole form લીંક મોકલીને પ્રશ્નાવલી વહેંચવામાં અને માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું. પ્રશ્નાવલિ દ્વારા એકત્રિત આક્ડાકીય માહિતીઓ બંને સંસ્થાના તમામ વિભાગના મળીને કુલ કર્મચારીઓના 8% કર્મચારીઓ ને વહેંચવામાં આવી.

5. પ્રશ્નાવલીની રૂપરેખા : -

1) **પ્રથમ વિભાગમાં આર્થિક-સામાજિક વિષયક પ્રશ્ન આવરી લેવામાં આવ્યો છે.**
2) **બીજો વિભાગ વિષય પ્રત્યે ઉત્તર્દાતાઓના વલણ સાથે સંબંધિત છે.**
   a) 45% ઉત્તરદાતાઓ 25 વર્ષ કે તેથી ઓછી ઉંમરનાં છે.
   b) 40% ઉત્તરદાતાઓ 25-35 વર્ષની વય કેટેગરીમાં છે.
   c) જયારે 15% ૩૫ વર્ષથી વધુ વયના હતા.
   d) 70% પ્રતિવાદી પુરુષ અને 30% પ્રતિવાદી મહિલા હતા.
   e) 56% ઉત્તરદાતાઓ 20000-35000ની આવક ધરાવનારાઓ છે.
   f) 35000-50000 માસિક આવકવર્ગમાં 18% લોકોનો સમાવેશ થાય છે.
   g) 49% ઉત્તરદાતાઓ નબળી આર્થિક પરિસ્થિતિને કારણે શહેર છોડી ગયા.
   h) માત્ર 25% લોકો જ મહામારીના ડરને કારણે શહેર છોડી જતા રહ્યા હોવાનું માલુમ પડ્યું છે.
   i) કુલ હિજરતીઓ પૈકીના 10% કુટુંબના દબાણને કારણે શહેર છોડી ગયા.
   j) જવાબ આપનારાઓમાંના ચોથા ભાગનાઓએ ગુજરાત રાજ્યની અંદર જ હિજરત કરી હોવાનું માલુમ પડેલ છે.

| **Particulars** | **Strongly Agree** | **Agree** | **Uncertain** | **Disagree** | **Strongly Disagree** |
|---|---|---|---|---|---|
| કોરોનાને કારણે મારી રોજીંદી આવકને અસર થઇ. | 70% | 25% | 5% | 0 % | 0 % |
| લોકડાઉનને કારણે મારા ખર્ચમાં વધારો થયો. | 10 % | 30 % | 17 % | 38 % | 5 % |
| સરકાર દ્વારા કારીગર વર્ગને રાહતો અપાઈ છે તે પુરતી છે. | 10 % | 25 % | 25 % | 35 % | 5 % |
| કાર્યસ્થળે પરત ફરવું સુરક્ષિત હતું. | 5 % | 15 % | 45 % | 25 % | 10 % |
| લોકડાઉન દરમિયાન પરિવાર સાથેનો સમય આનંદિત રહ્યો. | 25 % | 35 % | 5 % | 20 % | 15 % |
| મહામારી સમયે હિજરતનો નિર્ણય યોગ્ય હતો. | 20 % | 30 % | 25 % | 10 % | 15 % |
| ગૃહિણીઓએ ઘરખર્ચ ન્યુનતમ કરવાના મહત્તમ પ્રયાસો કર્યા. | 10 % | 35 % | 25 % | 20 % | 10 % |
| ભવિષ્યની બચતો અંગે વિચારતા થયા. | 38 % | 42 % | 15 % | 5 % | 0 % |
| સોસીયલ ડીસ્ટંન્સિંગ દરમિયાન પારિવારિક કોમ્બીનેશન વધ્યું. | 15 % | 25 % | 20 % | 25 % | 15 % |
| કોરોનાને કારણે મળેલ બ્રેકથી શક્તિઓ ખીલવવાનો અવસર મળ્યો. | 12 % | 28 % | 55 % | 5 % | 0 % |
| ઉદ્યોગને ફરી બેઠો થતા ૬ માસ જેટલો સમય લાગશે. | 36 % | 47 % | 10 % | 3 % | 4 % |
| હીરાઉદ્યોગને કારણે અન્ય નાના-મોટા વ્યવસાયોને પણ અસર થઇ. | 52 % | 31 % | 17 % | 0 % | 0% |

કોરોના મહામારીની અસર હીરા ઉદ્યોગના નિકાસકારો, નીયોજકો, દલાલો અને કર્મચારીઓપર બે મુખ્ય ઘટકો ઓતેની જીવન નિર્વાહ ક્ષમતા અને કાલ્પનિક ડર પર આધારિત છે.

6. નિષ્કર્ષ

કોષ્ટક પરિણામો પરથી નીચેનો નિષ્કર્ષ નીકળે છે.

- ❖ મહામારીને કારણે સુરત શહેરના હીરા ઉદ્યોગને ગંભીર અસર થઇ છે.
- ❖ લોકોમાં બચતોનું પ્રમાણ ઓછું હોવાને કારણે આવનારા દિવસોમાં આર્થિક મોરચે તાકી શકે તેમ ન હોવાથી હિજરતીઓનું પ્રમાણ વધ્યું હતું.
- ❖ સરકાર દ્વારા ઉદ્યોગ માટે જાહેર કરાયેલા રાહત પેકેજો અપૂરતા જણાયા.
- ❖ હીરા ઉદ્યોગની ચમક ઝાંખી પડવાને કારણે શહેરના અન્ય નાનામોટા વ્યવસાયકારોને પણ વ્યાપક પ્રમાણમાં અસર થઇ છે.
- ❖ વિશ્વના જેમ & જ્વેલરી બીઝનેસને પણ ઘણી અસર થઇ છે.
- ❖ સંશોધન અને પ્રેક્ટીસ બતાવે છે કે, શાસ્ત્રીય અભિગમો સ્થિર કે વિભાજીત ઘટકો સાથે વ્યવહાર કરે છે.
- ❖ મહામારી બાદના તબક્કામાં ધીમે ધીમે ઉદ્યોગ તરફ પાછા ફરતા કર્મચારીઓ માટે સૌ પ્રથમ પ્રશ્ન સ્વાસ્થ્ય સુરક્ષાનો રહેશે.
- ❖ કામદારો અને માલિકો ભેગા મળીને વિશ્વના અન્ય દેશોમાં પ્રચલિત છે તેવા ફરજીયાત કર્મચારી બચત કોષનું સર્જન કરશે.
- ❖ નવા સમયગાળા અનુસાર કંપનીઓએ પણ કર્મચારીઓ માટે આ પ્રકારની આપત્તિઓ સામે ટકી રહેવા માટે પાયાની માળખાગત સુવિધાઓ જેવીકે, સેનેટાઈઝર-વીમો-હેલ્થ ચેકઅપ-રહેઠાણ-વાહનવ્યવહાર-પોષણયુક્ત આહાર-વગેરેના સ્વરૂપમાં પૂરી પાડવા માટે પ્રતિબધ્ધ થવું જોઈએ.

**7. સુચનો**

સ્વસ્થ અને તંદુરસ્ત કર્મચારી કોઇપણ કંપની કે ઉદ્યોગનો પાયો હોય છે, તેથી કંપની કે ઉદ્યોગે કર્મચારીઓના સ્વસ્થ્યની પુરતી કાળજી રાખવી પડશે. વ્યક્તિગત અને સંસ્થાકીય ક્ષમતાઓ અને ઉત્પાદકતા વધારવા માટે સમયાંતરે સ્વાસ્થ્ય ચકાસણી કાર્યક્રમો હાથ ધરવા પડશે.

ઉપરાંત, કર્મચારીના "યોગ ક્ષેમ વહામ્યહમ"ની આખરી જવાબદારી કંપની કે ઉદ્યોગની હોઈ, આ અસંગઠીત ક્ષેત્રના કર્મચારીઓ માટે પણ વ્યક્તિગત કે સામુદાયિક બચત યોજનાઓ શરુ કરવી પડશે જેના માટે એક આખી અનોખી સીસ્ટમ ડેવલપ કરવી પડશે.

**8. અધ્યયનની મર્યાદા** :

હકીકતે આ અધ્યયનની મુખ્ય મર્યાદા એ હતી કે, પ્રશ્નાવલીનું વિતરણ ફક્ત સુરત શહેરમાં સ્થિત 2 જ સંગઠનોમાં કરવામાં આવ્યું હતું, જો પ્રશ્નાવાળીએ વધુ ડાઈમન્ડ સંગઠનોને આવરી લીધું હોત તો આ સંશોધન વધુ માહિતી સભાર બની રહે.

**સંદર્ભ સૂચી -:**

- સુરત ડાયમંડ ઇન્ડસ્ટ્રિ ડિરેક્ટરી
- 2020, "હિરા ઉધ્યોગની ઝાકમઝોળથી દુર" ,ડાયમંડ ગેલેક્સી.સુરત ,સુરત ડાયમંડ એસોસીએશન ,
- દેવાણી એમ.ડી.2019 ,'મંદીમાંથી બહાર આવેલો હીરાઉદ્યોગ' ,વેપાર વાર્ષિક અંક.મુંબઈ ,૭૭-પાના નં ,
- ગુજરાતમાં અને સુરતમાં હીરાઉદ્યો' 2020ડાયમંડ ગેલેક્સી સ્પેશ વોલ્યુમ સુરત ,એપ્રિલ/માર્ચ ,૬૨-પાના નં ,૨૧-ડાયમંડ ગેલેકશી, સુરત ડાઈમન્ડ એસોસીએશન,સુરત.

**References Web Links :**

- https://en.wikipedia.org/wiki/Diamond_Research_and_Mercantile_City
- http://bdbindia.org/
- https://www.suratdiamondbourse.in/
- http://www.sdasurat.org/
- https://www.debeers.com/
- https://www.gjepc.org/
- www.dreamcitysurat.in